# *Shri H.M.V.Arts & Commerce College*

Run by

Shree Guptpryag Education Trust, Mumbai

*(Affiliated with Bhakt Kavi Narsinh Mehta Universit , Junagadh*

Delwada Road,Una-362560 (Dist.Gir Somnath ) Gujarat

[ESTD:1982]

e-mail ID: hmvcollege26@gmail.com

Tele. .02875-224594 / Tele- 02875- 224486


##############################################################################

જા.નં. ૧૪૪/સાયકલ સ્પર્ધા/૧૯-૨૦ તા.૨૭ /૦૭/૨૦૧૯

પ્રતિ,
પ્રિન્સિપાલશ્રી,
(તમામ આચાર્યશ્રીઓ)

વિષયઃ- ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી આંતર કોલેજ ભાઈઓ/ બહેનો સાયકલીગ સ્પર્ધા અંગે.

માનનીયશ્રી,

સાદર નમસ્કાર

સવિનય જણાવવાનું કે, ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી આંતર કોલેજ ભાઈઓ/ બહેનો સાયકલીગ સ્પર્ધાનું સંચાલન કરવાની જવાબદારી અમારી કોલેજને સોંપવામાં આવેલ છે.આપશ્રીની કોલેજનાં ખેલાડીઓ જો ઉપર્યુકત સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા હોય તો નીચેની વિગતે એન્ટ્રી ફી તથા એલિજીબિલીટી ફોર્મ સમયસર મોકલી આપશો.

| સ્પર્ધાનું નામ | સ્પર્ધાની તારીખ | સ્પર્ધાનું સ્થળ | સ્થળ પર હાજર રહેવાનો સમય |
|---|---|---|---|
| સાયકલીગ(ભાઈઓ) | ૦૩/૮/૨૦૧૯ | કોહીનુર હોટેલ પાસે શંખ સર્કલ દીવ | ૬-૩૦ કલાકે સવારે |
| સાયકલીગ(બહેનો) | ૦૩/૮/૨૦૧૯ | કોહીનુર હોટેલ પાસે શંખ સર્કલ દીવ | ૭-૩૦ કલાકે સવારે |

અગત્યની સુચનાઓઃ-

૧) સ્પર્ધાની ડીટેઈલ એન્ટ્રી રૂબરૂ /ઈમેઈલ અથવા ટપાલથી મોડામાં મોડી તા.૦૧/૦૮/૨૦૧૯ સુધી કોલેજ એડ્રેસ પર મોકલવી.ત્યાર બાદ કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી.જેની ખાસ નોંધ લેવી.
૨) એલિજીબિલીટી ફોર્મ ફી /એન્ટ્રી ફી/રેફરી ચાર્જ તા.૦૨/૦૮/૨૦૧૯ ના રોજ સાંજના ૪ થી ૬ વાગે સ્પોર્ટસ કોમ્પલેક્ષ,દીવ ખાતે સ્વીકારવામાં આવશે
૩) એક કોલેજ દીઠ ૦૫ (પાંચ) ભાઈઓ તથા ૦૫ (પાંચ) બહેનો ભાગ લઈ શકશે.
૪) સ્પર્ધાનું અંતર ભાઈઓ માટ ૫૦(પચાસ)કિલોમીટર તેમજ બહેનો માટે ૨૫ (પચ્ચીસ)કિ.મી.રહેશે.
૫) દરેક હરીફે પોતાની કોઈ પણ જાતની સાયકલ લાવવાની રહેશે.સાયકલમાં બન્ને બ્રેક હોવી ફરજીયાત છે. હેલ્મેટ ફરજીયાત છે (હિતાવહ છે)
૬) આયોજકોએ નકકી કરેલ રુટ ઉપર જ સાયકલ ચલાવવાની રહેશે.
૭) કોઈ પણ જાતનો સહારો લઈ સાયકલ ચલાવનાર સ્પર્ધામાંથી રદ બાતલ ગણાશે.
૮) બીજા હરીફને અડચણરૂપ ન થવાય તે રીતે ખેલદિલી પૂર્વક ભાગ લેવાનો રહેશે.
૯) મેડીકલ સર્ટિફીકેટ લાવવું ફરજીયાત છે.
૧૦) કોઈપણ જોખમ કે અકસ્માતની જવાબદારી સ્પર્ધકની રહેશે.
૧૧) કોઈપણ જોખમ કે અકસ્માતની જવાબદારી કોલેજ કે યુનિવર્સિટીની રહેશે નહી તેની ખાસ નોંધ લેવી.
૧૨) સ્પર્ધામાં પંચનો નિર્ણય આખરી અને સર્વેને બંધનકર્તા રહેશે.
૧૩) દરેક કોલેજે રહેવા/ જમવાની વ્યવસ્થા પોતે કરવાની રહેશે.
૧૪) ધોરણ-૧૦ થી છેલ્લી પરીક્ષા સુધીની તમામ માર્કસીટની ખરી નકલ એલિજીબિલીટી ફોર્મ સાથે જોડવી.

આપશ્રીની કોલેજનાં ખેલાડીઓ ઉત્સાહથી ભાગ લે તેવી અપેક્ષા સહ.

For શારીરિક શિક્ષણ વિભાગ
શ્રી એચ.એમ.વી.આર્ટસ એન્ડ
કોમર્સ કોલેજ,ઉના
મો.ન.૯૧૩૭૬ ૪૯૧૧૯

DELWADA UNA 362560 — Shree H. M. V. Arts & Commerce College

I/C પ્રિન્સિપાલ
શ્રી એચ.એમ.વી.આર્ટસ એન્ડ
કોમર્સ કોલેજ,ઉના
મો.ન.૯૮૨૫૦ ૯૮૬૦૩